R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-22 • ISSUE: 04 DATE: 26-01-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કોમી હુલ્લડો દરમિયાન બળાત્કારનો ભોગ બનતી લઘુમતીની મહિલાઓ માટે તંદુરસ્ત પોલીસી ઘડવાની માંગણી

ગત માસમાં દિલ્હીમાં બનેલી ગેંગરેપ અને તેમાં મૃત્યુ પામેલ યુવતીની ઘટના બાદ ક્રિશ્ચિયન સોલીડારીટી વર્લ્ડવાઈડએ વિનંતી કરી છે કે કોમવાદી હુલ્લડોમાં લઘુમતિઓ વિરુધ્ધ સામાન્ય બની ગયેલ જાતિય સતાવણીના કેસો બાબતે તંદુરસ્ત પોલીસી ઘડાવી જોઈએ.દિલ્હીની ઘટનાએ જાતિય સતાવણીની વધતી જતી ઘટનાઓ પર ભારતભરમાં જાગૃતિ આણી છે.આ પ્રકારની જાતિય સતાવણી રોકી શકાય તો ધાર્મિક લઘુમતીઓની થતી જાતિય સતાવણી રોકી શકાય.૨૦૦૨માં મુસ્લીમ વિરોધી તોફાનો ગુજરાતમાં થયા ,મુંબઈના ૧૯૯૦ના હુલ્લડો થયા અને બીજી અનેક તોફાનો કે હુલ્લડો વખતે થયેલ બળાત્કારની ઘટનાઓ આ સંદર્ભમાં ચકાસણી માંગી રહી છે.




કંધમાલ,ઓરિસ્સા રાજયમાં ૨૦૦૮માં થયેલ ખ્રિસ્તીઓ વિરુધ્ધના રમખાણોમાં એક કેથોલીક સાધ્વી પર થયેલ બળાત્કારે વિશાળ પાયા પર લોકોનું ધ્યાન ખેચ્યું હતું.તેમજ પ્રેસ દ્વારા તેને બહોળી પ્રસિધ્ધિ મળી હતી.તેણી પર પુરુષોના ટોળાએ બળાત્કાર કર્યો હતો.અને અર્ધનગ્ન અવસ્થામાં તેણીને જાહેરમાં ફેરવવામાં આવી હતી.પોલીસ પાસે તેણીએ સહાય માંગી હતી પરંતુ પોલીસ મદદ માટે કશું કર્યું નહોતું.તેથી ટોળું ફરીથી તેણીને લઈ ગયું હતું .તેણીએ જ્યારે કેસ ફાઈલ કર્યો,ત્યારે પોલીસ ઓફીસરે તેણીનું સ્ટેટમેન્ટ બરાબર રેકોર્ડ કર્યુ નહોતું. તેમજ સાચી પધ્ધતિથી ફરિયાદ લખી નહોતી.તેમજ તેણીને તેની ફરિયાદની કોપી પણ અપાઈ નહોતી.ચારવર્ષ બાદ તેણીએ કરેલ જાહેર આજીજી બાદ પર તેણીને ન્યાય મળ્યો નથી.

આ બાદ લઘુમતી સ્ત્રીઓ અને કન્યાઓ પર બળાત્કારની ઘટનાઓ આ વિસ્તારમાં બની.બે ૧૩ વર્ષની બાળાઓ ઓકટો.૨૦૧૨હિંદુ તહેવાર દશેરાની ઉજવણીમાંથી પરત થતી આ કન્યાઓ બળાત્કારનો ભોગ બની.તે પૈકીની એક મારી નાંખવામાં આવી હતી.બીજી બળાત્કારનો ભોગ બનેલી કન્યાનો કેસ ઓરીસ્સા સ્ટેટ કમિશન ફોર ધ પ્રોટેકટશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ ,અન ઓફીસર-ઈન-ચાર્જ,સ્પેશીયલ ઓલ ફિમેલ પોલીસ સ્ટેશન દ્વારા કાઢી નાંખવામાં આવ્યો.

હુલ્લડોમાં થતી હિંસાઓને રોકવા માટે ખાસ કોમ્યુનલ વાયોલન્સ ધારો સરકાર અને સીવીલ સોસા. દ્વારા ૨૦૧૧માં ઘડવામાં આવ્યો હતો.જેમાં હુલ્લડો દરમિયાન થતી જાતિય સતાવણી માટે ખાસ જોગવાઈ કરાઈ હતી.પરંતુ તેનો અમલમાં મુકવાની વાત હાલ પુરતી અભરાઈએ ચઢાવાઈ છે.ઘણા બધા દેશોએ ઈન્ડીયા યુની.પીરીયોડીક રીવ્યુ,યુએન ખાતે ગત વર્ષે મળી ત્યારે આ ડ્રાફટને સર્મથન આપ્યું હતું.ખાસ કરીને જર્મનીએ કોમ્યુનલ અનો ટાગેટેડ વાયોલન્સ બિલને અમલમાં મુકવા જણાવ્યું હતું.

## ધર્મનિંદાનો રીમશા મસીહ સામેનો કેસ બંધ કરવા પાકિસ્તાન સુપ્રીમ કોર્ટનો આદેશ

ધર્મનિંદાના આરોપસર પાકિસ્તાનની રીમશા મસિહ નામની એક છોકરી પર કેસ કરવામાં આવ્યો હતો.તેણી પર કુરાન બાળવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.તેની વિરુધ્ધ કેસ ચાલી જતાં સુપ્રીમ કોર્ટેની ત્રણ જજની બનેલી બેંચે કેસ કાઢી નાંખ્યો હતો.નવેમ્બર માસમાં પાકિસ્તાનની ઈસ્લામાબાદની હાઈકોર્ટે પણ તેણી સામેનો કેસ કાઢી નાંખ્યો હતો.હ્યુમન રાઈટ્સ ગ્રુપે કોર્ટના નિર્ણયને આવકાર્યો હતો.હવે બીજી કોઈ કોર્ટમાં અપીલ કરવાની બાકી રહેતી નથી.ક્રિશ્ચિયન સોલીડારીટી વર્લ્ડવાઈડના ચીફ એકઝીક્યુટીવ મારવીન થોમસે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્ણયને અમે આવકારીએ છીએ. તેમજ ધર્મનિંદાના કાયદા ઉપર ખાસ ચર્ચા કરવા ભાર મુકીયે છીએ.કોર્ટના નિર્ણય બાદ હવે કોઈ બાબત બાકી રહેતી હોય તો તે તેણીના કુટુંબની સલામતીની



## બ્રિટીશ એરવેઝની નાડીયા ક્રોસ પહેરવાનો કેસ જીતી

યુરોપીયન કોર્ટ ઓફ હ્યુમન રાઈટસે ફંન્ડામેન્ટલ રાઈટ્સના આધારે નિર્ણય કર્યો હતો કે ઈવીદા નાડીયા પોતાની આસ્થા અને ધાર્મિક વિશ્વાસ મુજબ તેના ધાર્મિક ચિહ્નને નોકરી દરમિયાન પણ પહેરી શકે છે.તેણીને ક્રોસ પહેરવાના કારણે નોકરીમાંથી છુટી કરવામાં આવી હતી.ડેવીડ કેમરુને પણ જાહેરમાં જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓ તેમની નોકરીના સમય દરમિયાન ક્રોસ પહેરી શકે છે.સરકારે એવું જણાવ્યું હતું કે ધાર્મિક સ્વાતંત્રતા દરેક ક્ષેત્રે લાગુ પડી શકે છે.એ નાગરિકી અધિકાર છે.બીજા ત્રણ ખ્રિસ્તીઓ કોર્ટમાં ધાર્મિક સ્વાતંત્રતા અંગેના કેસ હારી ગયા હતા.જેમાં શર્લી ચેપ્લીન જે નર્સ તરીકે ૩૦ વર્ષથી કામ કરતી હતી.તેણી પાસેથી વોર્ડની ડ્યુટી લઈ લેવામાં આવી હતી કારણકે તેણી ક્રોસ પહેરતી હતી.કોર્ટે નિર્ણય આપ્યો હતો કે હોસ્પીટલને આ બાબતે અધિકાર છે અને આરોગ્ય અને સ્વાસ્થ સાથે સંકળાયેલ મુદ્દા આધારિત તેઓ ક્રોસ નહિ પહેરવાનો નિર્ણય કરી શકે છે.જ્યારે મીસ ઈવીદાના કેસમાં કોર્ટે જણાવ્યું હતું કે તેણીનું કાર્ય કરવાની જગ્યા એવી છે જ્યાં તેની સંસ્થાએ તેને રજામંદી આપવી જોઈએ.

કોર્ટના નિર્ણય બાબતે આર્ચબિશપ ઓફ યોર્ક, ડો.જોન સીન્તામુએ જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓ તેમજ બીજા ધર્મમાં આસ્થા ધરાવનારાઓ, તેઓને તેમના ધર્મના ચિહ્નો ધારણ કરવાની આઝાદી હોવી જોઈએ.ખ્રિસ્તીઓ ક્રોસ પહેરવાથી કોઈ ઉપકાર કરતા નથી,પરંતુ તેઓ ઈસુ ખ્રિસ્ત પ્રત્યે તેમનો પ્રેમ અને વિશ્વાસ પ્રગટ કરે છે.'' ધ ઈક્વાલીટી એકટ ૨૦૧૦ પ્રત્યેક એમ્પ્લોયરોને લોકોના વિશ્વાસ પ્રત્યે ધ્યાન રાખવાનું જણાવે છે.તેઓ ક્રોસ પહેરે છે કે બીજા કોઈની સાથે પ્રાર્થના કરે છે તે અંગે કોર્ટે નિર્ણય કરવાનો નથી.એ તેમણે જ સમજવાનું છે. ‘‘

## માલીના બાળકોની સલામતી માટે વર્લ્ડ વિઝને ચિંતા વ્યકત કરી

માલીમાં ચાલી રહેલા મીલીટરી ઓપરેશનમાં બાળકોની સલામતી જોખમાઈ છે.માલીમાંથી બહાર જવા માંગતા લોકો તેમજ બાળકોને સલામત રીતે જવા દેવાય તે માટે વર્લ્ડ વિઝનના ચાન્સ બ્રીગ્ગસે વિનંતી કરી હતી.ફ્રાંસે માલીમાં ચાલી રહેલ લડાઈમાં ભાગ લીધો છે અને ઈસ્લામીક મીલીટંટો ઉપર કાબુ જમાવવા પ્રયત્ન કર્યો છે.ફ્રેચના ફાઈટર પ્લેનો એ મીલીટંટોના ટ્રેઈનીંગ કેમ્પસ ઉપર હવાઈ હુમલા કર્યા હતા.વર્લ્ડ વિઝને ત્યાંની સરકારને પરિસ્થિતિમાં યોગ્ય પગલાં ભરવા જણાવ્યું હતું. જેથી માનવતાના ધોરણે બાળકો માંબાપોથી વિખુટા પડી ના જાય,તેમજ તેમને આશરો લેવા



શરણાર્થી કેમ્પોમાં લઈ જવામાં આવે.યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશ્નરના જણાવ્યા પ્રમાણે માલીમાંથી ૪ લાખ લોકોએ હિજરત કરી છે.વર્લ્ડ વિઝનનું માનવું છે કે મીલીટરી કાર્યવાહીને કારણે હિજરતીઓની સંખ્યા હજુ વધવાનો સંભવ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

નવ ક્રાંતિ

કેન્દ્રીય સરકારે બજેટ પહેલાં કેટલાક નીતિવિષયક નિર્ણયો લેવાનું ચાલુ કર્યું તેના ભાગ રુપે ડીઝલ ઉપર ભાવ વધારો કર્યો.ડીઝલની સામે ભાવ વધારાની સામે પેટ્રોલમાં ભાવ ઘટાડો કર્યો તેમજ ગેસ સિલિન્ડર માં ત્રણ સિલિન્ડર સબસીડી સાથે આપવામાં વધારો કર્યો.ગેસ સિલિન્ડરમાં કુલ નવ સિલિન્ડર હવે પ્રત્યેક જોડાણધરાવતા ગ્રાહકોને ઉપલબ્ધ થશે.તેથી થોડીક રાહત અનુભવાશે.જો કે ડીઝલના ભાવ વધારાને કારણે અન્ય ચીજવસ્તુઓ પર પણ ભાવ વધારો આવશે.મોંઘવારી ઘટવાની કોઈ શક્યતા દેખાતી નથી.સરકારની ઉપર સબસીડીનો જે બોજો છે તે ઘટાડવા માટે તેમણે નાપસંદ એવા નિર્ણયો લેવા પડે.કોઈપણ પક્ષની સરકાર હોય તો તેમને આર્થિક મોરચે લડવા માટે એવા પગલાં લેવા પડે,પરંતુ સામાન્ય લોકોને તેનાથી વધુ બોજો વહન કરવો પડે તેવાં નિર્ણયો લેવાથી સરકારની આબરુને ધક્કો લાગે.વિરોધ પક્ષો પાસે એવી કોઈ રણનીતિ કે સુઝાવ હોવા જોઈએ જે સરકારને અને દેશના સામાન્ય લોકોને મદદરુપ બની શકે. માત્ર વિરોધ કરવા ખાતર જ નહી.પરંતુ તે વિરોધ સુચારો હોવા જોઈએ.રાજ્ય સરકારોએ જો લોકોને મદદરુપ બનવું જ હોય તો સ્થાનિક કરવેરાના માળખામાં સુધારા કરવા જોઈએ.પરંતુ કોઈપણ રાજ્ય સરકારો આ બાબતે ચિંતન કરતી નથી.

યુપીએની સરકાર ૨૦૧૪ની લોકસભાની ચુંટણીઓને ધ્યાનમાં રાખીને બજેટ તૈયાર કરશે.જેમાં એવી કેટલીક જોગવાઈઓ હશે જે સામાન્ય જનતાનું ધ્યાન કેન્દ્રીત કરશે.મોંઘવારીને નાથવા માટે સરકારે કેટલાક કડવા નિર્ણયો પણ લેવા જરુરી છે.

## જાણવા જેવું !

ભારતમાં પ્રથમ મેડીકલ કોલેજ એસ્કોલા મેડીકા ગોવામાં સ્થાપવામાં આવી હતી.

કોમ્પ્યુટરના માઈક્રો સરકીટ,ફાઉન્ટન પેન, ઘડીયાળો, કોશ્યુમ અને ઈલેક્ટ્રોનીક ઉદ્યોગોમાં એક હજાર ટનથી વધારે સોનું વપરાય છે.એકલું જાપાન ઈલેકટ્રોનિક્સ ઉદ્યોગમાં બસો એસી ટન સોનું વાપરે છે.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઈ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઈઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

# પેટ્રોલ -ડીઝલમાં ભાવ વધારો શું અગત્યનું, ગરીબની રોટલી કે માલેતુજારની ગાડી ?

ભારત ખનીજ તેલના (પેટ્રોલીયમ-તેલ) વપરાશમાં સહેજ પણ આત્મનિર્ભર નથી અને કુલ વપરાશના ૮૦ ટકા જેટલું પેટ્રોલ-ડીઝલ આયાત કરવું પડે છે.આપણી સરકાર આંતરરાષ્ટ્રીય બજાર ભાવે(જેના પર આપણો અંકુશ નથી ને જેમાં સતત વધારો થતો જાય છે) તે ખરીદે છે અને દેશની વિવિધ ઓઈલ કંપનીઓ(પેટ્રોલ પંપો પર તેના નામ લખેલા હોય છે)મારફતે તેનું વેચાણ કરે છે. ઓઈલ કંપનીઓને સરકાર સબસીડી આપીને પેટ્રોલ,ડીઝલ,કેરોસીન તથા ગેસના ભાવો નીચા રાખે છે. જેથી પ્રજા પર આર્થિક બોજો પડે નહી. સ્વાભાવિક રીતે જ પેટ્રો - પ્રોડેક્ટ્સ પર આંતરરાષ્ટ્રીય બજારોનું નિયંત્રણ હોય ત્યાં સરકાર પાસે તેના ભાવો અંકુશમાં રાખવા સબસીડી આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચે નહી.અત્યારે સબસીડીનું ભારણ સ્વંય સરકાર માટે કમરતોડ છે.અગાઊ સરકારે ઓઈલ કંપનીઓને પેટ્રોલના ભાવ નક્કી કરવા માટે છુટ આપી હતી પણ આ ઓઈલ કંપનીઓ પણ ભાવ કેટલાક ઓછા કરી શકે કે જે લોકોને પોષાય ?

આપણે ૧ લીટર ડીઝલ પેટ્રોલપંપ પરથી ખરીદીને જે ભાવ ચુકવીએ છીએ તે એટલો(ઓછો) છે કારણ સરકાર પ્રતિ લીટર ડીઝલે લગભગ રૂ ૨૫ જેટલી સબસીડી પેટ્રોલ પંપવાળાઓને આપીને ભાવ ઓછા રાખે છે.પેટ્રોલીયમ પેદા કરતા આરબ દેશો અને અમેરીકા-યુરોપ વચ્ચે સતત અથડામણો ચાલતી હોઈ આરબ દેશો (ઓપેક-ઓઈલ પ્રોડ્યુસીંગ દેશો) આંતરરાષ્ટ્રીય બજારમાં સતત ભાવ વધારો કરીને તેમને હંફાવે છે ને દિવસે દિવસે ધનાઢ્ય થતા જાય છે.આજે તો દુબઈ જેવા દેશો પેટ્રોલની આવકમાંથી લખલુંટ કમાય છે જે દુબઈમાં કોઈ પણ જોઈ શકે છે.દુનિયાની ઊંચામાં ઊચી ઈમારત દુબઈમાં છે.આપણી દશા બે આખલા વઢે અને તેમાં ઝાડનો ખોડો વળી જાય તેવી થઈ ગઈ છે.યુરોપ અમેરીકા આરબ દેશો પાસેથી મોંઘા ભાવે પેટ્રોલ ખરીદી શકે પણ ભારત જેવા ગરીબ દેશોની એવી તાકાત નથી.આપણે જો પેટ્રોલના ભાવ વધારીએ તો પ્રજામાં વિરોધ થાય અને સબસીડી આપીને જો ભાવ નીચા રાખીએ તો સરકારી તીજોરી તળિયા ઝાટક થઈ જાય.આમ આપણી દશા આજે પેટ્રોલ-ડીઝલ-કેરોસીન-રાંધણગેસના ભાવો બાબતે સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે.

બીજી તરફ જોઈએ તો ધનાઢ્ય લોકો પાંચ દશ-પંદર-વીસ લાખ કે તેથીય મોંઘી ડીઝલ કારો ફેરવે છે ને મોજમજા માટે હવા ખાવાના ને રજાઓ ગાળવાના સ્થળોએ જતા હોય છે. આપણે મોબાઈલ વાપરીએ છીએ તેના ટાવરોને ચલાવવા માટે વીજળી જોઈએ જે ટાવરના માલિકો ડીઝલ જનરેટરો વાપરીને ઉત્પન કરે છે.રાંધણ ગેસ પણ મધ્યમ વર્ગીય લોકો વાપરતા હોય છે. ટી.વી.એ.સી માટેની વીજળી ઉત્પન્ન કરવા માટે તથા ટ્રેનના ડીઝલ એન્જીનોમાં પણ ડીઝલનો ભરપુર ઉપયોગ કરવો પડે છે.આપણી પાસે તેલના ભંડારો નથી અને સાથે ઉર્જાના અન્ય સ્ત્રોત્રો નથી ને તે વિકસાવ્યા પણ નથી.એટલે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવોનો અસહ્ય બોજો આપણી કમર તોડી નાંખે છે ને સરકારી તીજોરી ખાલી થઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.આપણે પેટ્રોલ-ડીઝલ સિવાય બીજી ચીજો પણ જોઈએ ને એ માટે પૈસા પણ જોઈએ.આપણાં બધાં નાણાં પેટ્રોલ-ડીઝલ પર ના ખર્ચી શકીએ.એટલે સરકાર હવે એવું વિચારી રહી છે કે પેટ્રોલ-ડીઝલ(ખાસ કરીને તો ડીઝલના)ના ભાવો બે પ્રકારના રાખવા.જેઓ ધનિક છે ને મોંઘીદાટ કારો વાપરે છે,જેઓ ટ્રકના માલિકો છે ને વેપાર કરીનો પૈસા કમાય છે.જેઓ મોબાઈલનો છુટથી(બીનજરુરી) ઉપયોગ કરે છે. તેમના પાસેથી ડીઝલ-પેટ્રોલ માટે વધારે ભાવ લેવો ને જેઓ ગરીબ (બીપીએલ ધારકો) છે તેમના માટે ભાવ ઓછો રાખવો.મનફાવે તેટલું ડીઝલ-પેટ્રોલ ના વાપરે માટે ક્વોટા સીસ્ટમ દાખલ કરવી વગેરે. સદ્‌ભાગ્યે અર્થ શાસ્સ્તરીઓ ને નિષ્ણાંતો આની તરફેણમાં છે. તેઓ પુછે છે : શું અગત્યનું, ગરીબની રોટલી કે માલેતુજારની ગાડી ? -ફાધર વિલિયમ

# ગુજરાતની એસ.ટી નિગમને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત




વર્ષ ૨૦૧૦-૧૧ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ગ્રામ્ય સર્વિસમાં શ્રેષ્ઠ ઈધણ ક્ષમતા ૫.૪૬ કી.મી.પ્રતિ લીટર મેળવી અખિલ ભારતમાં પ્રથમ પુરસ્કાર.(ગ્રુપ-૨ ૪૦૦૦ થી ૧૦૦૦૦ ફલીટ સ્ટ્રેન્થ)

એસો.ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અંડર ટેકીંગના પ્રેસીડેન્ટ અને મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે, ભારત સરકારશ્રીના સચિવશ્રી, એ.કે.ઉપાધ્યાયના વરદ હસ્તે નિગમના અધ્યક્ષશ્રી બી.એસ.ધોડાસરા,રીટાયર્ટ આઈ એ એસ, અને ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી મુકેશ પુરી આઈ એ એસને એનાયક કરવામાં આવેલ .

ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મત્રાલયના નેજા હેઠળ એસો. ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અન્ડર ટેકીંગ સ્વતંત્ર રીતે કાર્યભાર સંભાળતું એસોસીએશન છે.ભારતના તમામ રાજ્યોની એસ.ટી.નિગમની સેવાઓ અંગેના જુદા જુદા પરિણામોની વિગતો એસો. ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સ.અન્ડર ટેકીંગ દ્વારા દર વર્ષે એકત્રીત કરી સમગ્ર ભારમાં આવેલા તમામ રાજ્યોના પરિવહન નિગમોના પરિણામોની ચકાસણી કરી જે નિગમે સૌથી વધુ સારા પરિણામો હાંસલ કરેલા હોય તેવા રાજ્ય નિગમોને રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

જે અંતગર્ત ગુજરાત એસ.ટી નિગમને વર્ષ ૨૦૧૦-૧૧ માટેનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

# સમાજનો સ્ત્રી વિરોધી દ્રષ્ટિકોણ ક્યારે બદલાશે ?

(વર્તમાન સંજોગોમાં બનેલી ગેંગરેપ દુઃખદ ઘટનાઓ સ્ત્રી સમાન અને મહિલાની મનુષ્ય સમાજમાં ભુમિકા વિશે ઘણી અર્થપુર્ણ,સમાજહિતકારક અને વિધેયાત્મક ચર્ચા વિચારણાઓ શરુ થઇ છે.અર્વાચીન માહોલમાં અત્યાવશ્યક હતી.મહિલાને ઉતરતી કક્ષાની ગણવાને વાજબી ઠરાવવા માટે કમનસીબે ધર્મશાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે.હકીકતે સત્ય તો એ છે કે ધર્મનું મુળ ન્યાયસંગત છે,પરંતુ તેની લોકપ્રિય આવૃત્તિઓ અને તેની વ્યાખ્યાઓ સ્વાર્થને આધારે કરાઇ છે.અને વિરોધ આ વ્યાખાઓનો છે, ધર્મનો નહી. દા.ત. હેવાને(મહિલાને)જગતમાં પ્રવેશેલા પાપ(ઓરીજીનલ સીન) અને તેની સાથે પ્રવેશેલા અનિષ્ટો માટે શાસ્ત્રને આધારે દોષિત ગણાવી છે.ભગવાન ઇસુએ તો યહુદી ધર્મશાસ્ત્રોની વિરુધ્ધ જઇને ભારે જોખમ ઉઠાવીને મહિલાઓનો પક્ષ લીધો હતો,જેનાથી આપણે જાણકાર છીએ. આમ જોઇએ તો 'ઉત્પતિ' ના ગ્રંથમાં સ્પષ્ટ બયાન છે કે ઇશ્વરે પુરુષ(આદમ) તથા મહિલા(ઇવા)ને પોતાની પ્રતિકૃતિ જેવા બનાવ્યા. જેના દ્વારા પવિત્ર બાયબલ એ કહેવા માંગે છે કે મહિલા અતિ સન્માનનીય છે કારણ સર્જનહારે એને ઇશ્વરની પ્રતિકૃતિનું ગૌરવ બક્ષ્યું છે.સ્ત્રી 'વસ્તુ' નહી, પણ' વ્યક્તિ' છે.એટલે હું જ્યારે કોઇ મહિલાનું ગૌરવ કરુ છું ત્યારે એના પર હું કોઇ ઉપકાર કરતો નથી, પરંતુ ઇશ્વરે તેને જેનાથી નવાજી છે તેનો સ્વીકાર કરુ છું,માન આપું છું. અને એથી ઊલટું, જ્યારે હું કોઇ સ્ત્રીનું અપમાન કરુ છું,તેનો દુરપયોગ કરુ છું ત્યારે હકીકતે હું ઇશ્વરનું અપમાન કરુ છું કારણ એણે સ્ત્રીને જેનાથી નવાજી છે તેનો ઇન્કાર કરુ છું.મહિલાઓનું થતું શોષણ, તેમનું અવમાન, તેમને કરાતો અન્યાય, તેમના ઇશ્વરદત્ત અધિકારોનો અસ્વીકાર અને તેમના પર કરવામાં આવતા બળાત્કાર પાછળ રહેલું ગંભીર અક્ષમ્ય' અનિષ્ટ' જો કંઇ હોય તો તે તેમના ઇશ્વરદત્ત ગૌરવનો અસ્વીકાર ને ઇન્કાર છે. નીચેનો લેખ આ સંદર્ભે ઘણો ઉપયોગી છે. ભૃણ હત્યાના વધતા જતા કિસ્સાઓ,જાહેરાતોમાં મહિલાઓનું અંગપ્રદર્શન, પૈસા તથા કિર્તીની લાલચે અંગ પ્રદર્શન કરવા પોતાને ઓફર કરતી સીને તારીકાઓ...આદિ માહોલમાં, મહિલાઓને ઇશ્વરનું સર્જન તરીકે નિહાળતા ને તેનું ગૌરવ કરતા ઇસુના સાચા અનુયાયીઓ(ઇસુના સંદેશ વાહકો) ની ભારતીય સમાજમાં આજે તાતી જરુરીયાત ઉભી થઇ છે. જે સતત યાદ રાખવી ઘટે . - ફાધર વિલિયમ

આજકાલ ટીવી પર એક જાહેરાત દેખાડવામાં આવી રહી છે, જેમાં રેખાએ અભિનય કર્યો છે.કદાચ રેખાએ પ્રથમ વખત જાહેરાતમાં કામ કર્યુ છે.આ ફિલ્મના અંતિમ શોર્ટમાં ઉર્મિલા માંતોડકર પણ લાંબા સમય બાદ પડદા પર જોવા મળી છે. જાણવા મળ્યું છે કે આ જાહેરાતની કલ્પના અને નિર્દેશન જબ વી મેટ તથા રોકસ્ટાર દ્વારા જાણીતા થયેલા નિર્દેશક ઇમ્તિયાઝ અલીએ કર્યુ છે.જાહેરાતમાં ક્રિકેટ ખેલાડીઓ મેચ રમવા જઇ રહ્યા છે.અને પાછળની સીટ પર બેસીને રેખા ચીડાઇ રહી છે અને નારાજગી વ્યક્ત કરવાની સાથે હેન્ડ ગ્લોવ્ઝને પરસેવાની દુકાન કહીને ફેંકી દે છે.આગળની સીટ પર બેસેલો વ્યક્તિ રેખાને ચોકલેટ આપીને કહે છે કે અમારો આ પુરુષ ખેલાડી ભુખ લાગતાં આવું જ વર્તન કરે છે અને બીજા જ શોટમાં જ્યાં રેખા બેઠી હતી ત્યાં એક પુરુષ બેસીને ચોકલેટ ખાતો દેખાય છે.આ જ રીતે મેદાન પર પહોચતા જ કારમાંથી નીકળીને ઉર્મિલા માંતોડકર ચીડાઇને કહે છે કે શું તેને માત્ર ડ્રાઇવર સમજ્યો છે, તે નહી રમે કે શું ?તેને પણ ચોકલેટ આપવામાં આવે છે.

શું આ જાહેરાતથી એવું લાગતુ નથી કે ભુખને સ્ત્રી સ્વરુપમાં રજુ કરાઇ છે,જાણે કે ભુખ પુરુષને લાગતી જ નથી. અહીં ઉલ્લેખનીય છે કે જીવનના મોટાભાગના ક્ષેત્રોમાં નબળાઇ,ઉણપ વગેરે બાબતોને આ રીતે મહિલાના સ્વરુપમાં રજુ કરવી આપણી પુરુષપ્રધાન વિચારધારાને દર્શાવે છે.વાતચીતમાં ઉપયોગ કરાયેલ અપશબ્દો પણ સ્ત્રીને જ સંબોધિત કરવામાં આવે છે.કોઇપણ અપશબ્દ પુરુષકેન્દ્રીત હોતો નથી.લગભગ ભારતની બધી જ ભાષાઓમાં અપશબ્દો આ રીતે જ રચાયેલા છે. જો આપણે દૈનિક ક્રિયાઓ અને સામાજીક જીવનને પણ ધ્યાનથી જોઇએ તો સ્ત્રી વિરોધી દ્રષ્ટિકોણ તમને દરેક જગ્યાએ જોવા મળે છે. આ વિચારધારાના મુળ સુધી પહોચવાનો પ્રયાસ કરો, તમારી યાત્રા પૌરાણક આખ્યાનો અને દંતકથાઓની લોકપ્રિય વાર્તાઓ સુધી જાય છે. તેના ઉપરાંત ઇતિહાસની યુધ્ધ ગાથાઓનો અભ્યાસ કરો કે હારી ગયેલા રાજાઓ સાથે કેવો વ્યવહાર કરવામાં આવ્યો છે ?હારી ગયેલા દેશની મહિલાઓ પ્રત્યે કેવો વ્યવહાર કરાયો છે ?ધ્યાન આપો કે જમીન વધુ ખેડવામાં આવી છે કે સ્ત્રીઓ વધુ રગદોળાઇ છે ?

સત્ય તો એ છે કે ધર્મનું મુળ ન્યાયસંગત છે, પરંતુ તેની લોકપ્રિય આવૃત્તિઓ અને તેની વ્યાખ્યાઓ સ્વાર્થને આધારે કરાઇ છે અને વિરોધ આ વ્યાખ્યાઓનો છે, ધર્મનો નહી. આ આખ્યાનોમાં ઠેરઠેર દ્વંદ્વ જોવા મળે છે.એક લોકપ્રિય કહેવત છે કે યુધ્ધનું કારણ જર,જમીન અને જોરુ છે, જ્યારે સત્ય એ છે કે આ બધાં જ યુધ્ધ એવા સમયે લડાયા છે જ્યારે દલીલનો લોપ થયો ને માનવીએ વિચારવાનું બંધ કરી દીધું, અનેક યુધ્ધ અહંકારને કારણે કે ડરને કારણે ખેલાયાં છે, પરંતુ દરેક વિવાદમાં 'સ્ત્રી' ને ખેંચી લેવામાં આવે છે.આ વિચારશૈલી નુકસાનકારક છે.

આ જાહેરાતમાં કદાચ અજાણતાં જ ભુખ અને તેનાથી પેદા થયેલી ચીડને સ્ત્રી સાથે જોડી દેવામાં આવી છે.દુષ્કાળના અભ્યાસો અને આંકડાથી સાબિત થયું છે કે લાંબા સમય સુધી ભુખને સહન કરી બચી જનારાઓમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતાં વધુ રહી છે.બધાંજ તથ્યો અને આંકડા હજારો વર્ષોમાં બનેલા પુર્વગ્રહોની સામે ઝાંખા પડી જાય છે. હરિવંશરાય બચ્ચન જેવા વિદ્વાન વ્યક્તિ પણ લખે છે કે તેમના વ્યક્તિત્વમાં પ્રબળ નારીએ તેમની પાસે કવિતા લખાવી છે.લોકપ્રિય માન્યતા પણ એવી છે કે પુરુષોની અંદર રહેલું નારીત્વ જ સર્જન કરાવે છે.તો પછી આ મહાન જીવનઉર્જા સાથે અસમાનતાનો વ્યવહાર શા માટે કરવામાં આવે છે ?

લેખક : જયપ્રકાશ ચોકસે.

(સૌ.દિ.ભા.)

# રાંધણ ગેસના વપરાશકારો તેમના ડીલર્સ બદલી શકશે

રાંધણ ગેસના વપરાશકારો હવે મોબાઇલ નંબરની જેમ પોર્ટેબીલીટી જેમ એલપીજી પોર્ટેબીલીટી દ્વારા તેમના ડીલર્સ બદલી શકશે.સરકાર દ્વારા આ સ્કીમ અમલમાં મુકવામાં આવી છે.તે મુજબ તેઓ ફક્ત ડીલર્સ બદલી શકશે, ઓઇલ કંપની બદલી શકાશે નહી.તમે જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારના અન્ય ડીલર્સની સેવાઓ લઇ શકો છો.પરંતુ ઇન્ડેન ઓઇલ કંપનીનું જોડાણ હોય તો ભારત ગેસનું જોડાણ મેળવી શકતા નથી.ગ્રાહકો નવા કનેક્શન માટે ઓન લાઇન અરજી કરી શકશે.

ત્રણ ઓઇલ કંપનીઓ દ્વારા દરરોજ ૩૦ લાખ સિલિન્ડરોની હોમ ડીલીવરી કરવામાં આવે છે.જે ડીલર્સની સર્વિસ ખરાબ હશે તેની ડીલરશીપ રદ કરવામાં આવશે.ગ્રાહકો ડીલર્સની સર્વીસીસનું મુલ્યાંકન કરીને તેમને શુન્યથી ફાઇવસ્ટારનું રેટીંગ આપી શકશે.જે ડીલર્સ બુક થયેલા સિલિન્ડરમાંથી ૮૫ ટકાની ૨ દિવસ કરતાં ઓછા સમયમાં ડીલવરી કરે તેને ફાઇવસ્ટાર રેટીંગ આપી શકાશે.અને ૧૦ દિવસ પછી ડિલીવરી કરે તેને શુન્ય સ્ટાર આપી શકાશે. આ રેટીંગના આધારે ગ્રાહકો તેમના ડીલર્સ બદલી શકશે.

કેન્દ્રના ઓઇલ મંત્રી વીરપ્પા મોઇલીએ ચંડીગઢ ખાતે ડીલર્સ પોર્ટેબીલીટી સુવિધા લોન્ચ કરી હતી.જેને આગામી નાણાંકીય વર્ષમાં વધુ ૨૫ જિલ્લાઓમાં વિસ્તારવામાં આવશે.ત્યારબાદ આખા દેશમાં તબક્કાવાર તેનો અમલ કરવામાં આવશે.કંપની બદલી શકાય તે માટે સરકાર કાયદામાં સુધારો કરવા કે ગ્રાહક જે તે કંપનીમાં તેના કનેક્શન સરન્ડર કરીને અન્ય કંપની પાસેથી નવું જોડાણ મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગે છે.રાંધણ ગેસના ડીસ્ટ્રીબ્યુટરસની ઇજારાશાહીનો અંત લાવવા અને ૧૩.૫ કરોડ ગ્રાહકોને સારી સેવાઓ આપવા માટે એલપીજી ડીલર્સ પોર્ટેબીલીટી શરુ કરવામાં આવી છે.

ગ્રાહકો તેમના સિલિન્ડરોનું રિફિલીંગ ઓનલાઇન કે મોબાઇલ ફોન પર કરાવી શકે છે તે માટે નવી આઇટી કે વેબ અનેબલ્ડ સર્વીસ સરકારે શરુ કરી છે જેને લક્ષ્ય નામ આપવામાં આવ્યું છે.આના કારણે સર્વીસમાં પારદર્શકતા આવશે. ગુજરાતમાં મોટા શહેરોમાં અને ખાસ કરીને અમદાવાદમાં મોટાભાગની ગેસ રીફીલ બુકીલ મોબાઇલ અને લેન્ડલાઇન ફોન દ્વારા શરુ કરાયું છે.અને તેનો પ્રતિસાદ પણ સારો મળી રહ્યો છે. શરુઆતમાં લોકોને જરા તકલીફ લાગી હતી.

# ભારતમાં દલિત અને નીચલા દરજ્જાની જાતિઓની મહિલાઓની સ્થિતિ ખરાબ છે : ગોસ્પલ ફોર એશીયા




ગોસ્પલ ફોર એશીયા એ વિશ્વવ્યાપી ચર્ચા ગત માસમાં દિલ્હીમાં એક ભારતીય મહિલા પર થયેલા બળાત્કાર બાબતે ઉઠી છે તેનું સ્વાગત કર્યુ છે.આ ગેગરેપને કારણે ચારેબાજુ ભારે વિરોધ થયો.ગોસ્પલ ફોર એશીયાએ જણાવ્યું હતું કે આ ઘટનાને કારણે વિશ્વની આંખો ભારતીય મહિલાઓ પર થતા અત્યાચાર બાબતે ઉઘાડી છે. આ સંસ્થાએ જણાવ્યું હતું કે ભારતમાં દલિત અને અન્ય લોવર ક્લાસની મહિલાઓની સ્થિત ખરાબ છે.મહિલાઓ પર બળાત્કારની સાથે તેમના ખુન,દીકરી ના અવતરે માટે ગર્ભપાત,દહેજ,અને યોગ્ય વૈદકીય સારવાર નહી મળવાને કારણે મહિલાઓની સ્થિત નાજુક છે.એક અંદાજ પ્રમાણે દર વર્ષે ૧૦હજાર મહિલાઓ દહેજ નહી લાવી શકવાને કારણે મારી નાંખવામાં આવે છે. ૪૬ટકા જેટલી મહિલાઓનું લગ્ન ૧૮ વર્ષની ઉંમર પહેલા થઇ જાય છે.કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં પાંચ વર્ષથી સાત વર્ષની ઉંમરે લગ્ન કરી નાંખવામાં આવે છે,ગેરકાયદેસર હોવા છતાં આ પ્રેક્ટીસ ચાલુ છે.

ચાર બળાત્કારના કેસો પૈકી એક કેસ દિલ્હીનો હોય છે.જીએફએ ના પ્રેસીડેન્ટ કે.પી.યોહાનનના જણાવ્યા પ્રમાણે ૧ ટકા જેટલા રેપ કેસીસની જાણ થતી નથી.કે બહાર આવતા નથી.ભારતમા મહિલાઓની સ્થિતિ ખરેખર ભયજનક અને દયાજનક છે.

# સ્ત્રીઓનું ગૌરવ અને માન જાળવવામાં આપણે નિષ્ફળ : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે આકરી ટીકા કરતાં જણાવ્યું હતું કે દિલ્હીના રસ્તાઓ પર મહિલાઓ સુરક્ષિત નથી.આપણે મહિલાઓનું ગૌરવ અને માન જાળવવામાં,તેને સમાન દરજ્જો આપવામાં તેમજ તેમનું સન્માન કરવામાં નિષ્ફળ નિવડ્યા છીએ.બળાત્કારનો ભોગ બનેલી પીડિતાના બે ફિંગરટેસ્ટની યોગ્યતા સામે પ્રશ્નાર્થો જગાવતી જાહેરહિતની અરજીના સંદર્ભમાં સુપ્રીમે કેન્દ્ર સરકાર,મહિલા રાષ્ટ્રીય પંચ અને દિલ્હીના સ્ટેટ ટ્રાન્સપોર્ટ સત્તાવાળાઓને નોટીસ બજાવતી વખતે આ મુજબનું તારણ કોર્ટે રજુ કર્યુ હતું.દિલ્હીની ઘટના બાદ જે લોકો દ્વારા મહિલાઓ માટે અપમાનજનક નિવેદનો કરવામાં આવ્યા તે બતાવી આપે છે કે આપણે માનસિક રીતે કેટલા પછાત છીએ.આવી અમાનવીય ઘટનાને કારણે સમગ્ર વિશ્વમાં આપણી છબી ખરડાઇ છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# પુરુષમાં પડેલો હેવાન ક્યારે જાગૃત થઇ જાય છે ?

સમાજમાં સ્ત્રીઓ ઉપરના જાતીય અત્યાચારની કોઈપણ ઘટના બને ત્યારે અખબારોમાં આ દુષ્કૃત્ય ગુજારનાર પુરુષને નરાધમ નું વિશેષણ આપી દેવામાં આવતું હોય છે.દિલ્હીમાં ૨૩ વર્ષની યુવતી ઉપર ગેંગરેપ કરનારા પાંચ યુવાનોને પણ આપણે નરાધમ ગણીને ફાંસીના માંચડે ચડાવવાની માંગણી કરી રહ્યા છીએ.દુષ્કર્મ કરનારા પુરુષોને માથે શીંગડા નથી ઊગતા અને તેમના કપાળમાં નરાધમનું લેબલ નથી ચોંટાડવામાં આવતું.દુષ્કર્મ કર્યા અગાઉ તેઓ બીજા કોઈ પણ પુરુષ જેવા સામાન્ય પુરુષ જ હોય છે એવા ક્યા સંજોગો છે જે સામાન્ય પુરુષને નરાધમ બનીને સ્ત્રીઓ ઉપર ત્રાટકવા મજબુર કરે છે ?જો સ્ત્રીઓ ઉપર થતા જાતીય અત્યાચારો અટકાવવા હોય તો સમાજમાં પ્રવર્તમાન આ નિમિત્તો શોધી કાઢીને સમાજને તેનાથી મુક્ત કરવાની કોશીશ કરાવી જોઈએ.

એક વર્ષ પહેલા કાળધર્મ પામેલા સ્વ જૈનાચાર્ય ચંદ્રશેખર વિજયજી મહારાજે “ભવાલોચના” નામનું પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક વાંચીને અને તેમના પ્રવચનો સાંભળીને આશરે ૧૦,૦૦૦ યુવાનોએ તેમની પાસે કન્ફેશન કર્યું હતું જેને જૈન પરિભાષામાં ભવાલોચના કહેવામાં આવે છે. આ યુવાનોમાં એવા પણ પુરુષો હતા જેમણે કુંવારી કન્યાઓ સાથે દુષ્કર્મો કર્યા હોય અથવા તેમને ફસાવીને તેમની સાથે શારીરીક સબંધો બાંધ્યા હોય. આ બધા પુરુષોએ એક જ વાત લખી હતી કે સ્ત્રીઓના અન્ગોપાન્ગનું પ્રદર્શન કરતાં વસ્ત્રો જોઈને તેમની સુષુપ્ત વાસનાઓમાં ભડકો થાય છે. અને તેઓ દુષ્કર્મ કરવા પ્રેરાય છે.આ યુવાનોએ પોતાના જીવનના પાપોની કબુલાત કરતાં લખ્યું હતું કે ફિલ્મો,ટીવી,અખબારો,મેગેઝીનો એ ઈન્ટરનેટ ઉપરથી અર્ધ નગ્ન સ્ત્રીઓના દશ્યો જોઈને તેમની અંદરનો હેવાન જાગ્રત થઈ જાય છે અને તેઓ ભાન ભુલીને ન કરવાનું કરી બેસે છે. આ કન્ફેશન વાંચ્યા પછી ચંદ્ર્શેખર મહારાજે ટીવી અને ફિલ્મોમાં આવતાં બીભત્સ દશ્યો સામે ઝુંબેશ શરુ કરી હતી.

ધર્મશાસ્ત્રો કહે છે કે દુનિયાના પ્રત્યેક પુરુષમાં કામવાસનાના સંસ્કાર જન્મ જાતથી પડ્યા હોય છે. આ કામવાસનાને ગંચળું વાળીને પડેલા સાપની અને ભારેલા અગ્નિની ઉપમા પણ આપવામાં આવી છે.ભારેલા અગ્નિમાં જેમ પેટ્રોલ નાખતાં ભડકો થાય છે તેમ સ્ત્રીઓને સેક્સી વસ્ત્રોમાં સજ્જ થયેલી જોઈને પુરુષોની કામવાસના ભડકી ઉઠે છે.પુરુષની કામવાસના જે સ્ત્રીના સેક્સી વસ્ત્રો જોઈને ભડકી ઉઠે તેના ઉપર જ તે અત્યાચાર ગુજારે તેવું જરુરી નથી. આ સ્ત્રીનું કામુક દશ્ય તેને ટીવી,સિનેમા, અખબાર,મેગેઝીન કે ઈન્ટરનેટ ઉપર જોયું હોય તે સંભવિત છે.આ માધ્યમમાં ચમકતી સ્ત્રીઓ પુરુષની પહોંચ બહાર હોય છે માટે તેમની પર તેઓ અત્યાચાર ગુજારી શકતા નથી.જેમની અંદર હેવાન જાગી ગયો છે તેવા પુરુષો પછી કોઈ સોફ્ટ ટાર્ગેટ ની શોધ કરે છે. આ સોફ્ટ ટાર્ગેટ તેમના ઘરે કામ કરવા આવતી નોકરાણી હોઈ શકે છે અથવા ટ્યુશન માટે આવતી કન્યા પણ હોઈ શકે છે. ઘણી વખત એકાંતમાં કોઈ એકલી સ્ત્રી જોઈને તેમની અંદરનો હેવાન જાગૃત થઈ જાય છે.

ન્યુઝ વોચ કોલમમાં દિલ્હીની ઘટનાના અનુસંધાનમાં જે ત્રણ લેખો લખ્યા તેને વાંચીને બે પ્રકારના પ્રતિભાવો આવી રહ્યા છે.પુરુષ વાચકો લખે છે કે તમે જે લખ્યું છે તે રોગનું સચોટ નિદાન છે. તેથી વિરુધ્ધ ઉશ્કેરાયેલી મહિલાઓ એવો સવાલ કરી રહી છે કે સમાજમાં જે સ્વતંત્રતા પુરુષો ભોગવી રહ્યા છે તે સ્ત્રીઓ કેમ ભોગવા ના શકે ? આ મહિલાઓ ને મારે એટલું જ કહેવું છે કે કુદરતે સ્ત્રી અને પુરુષના દેહની રચના અલગ કરીને સ્ત્રીને અન્યાય કર્યો છે. સ્ત્રી ઉપર જાતીય અત્યાચાર સહેલાઈથી થઈ શકે છે.પુરુષ ઉપર આવો અત્યાચાર ભાગ્યે જ થાય છે.આ સંયોગોમાં જે સ્ત્રીઓ પોતાના સ્વમાનની રક્ષા કરવા ચાહતી હોય તેમને સાવધાની રાખ્યા વિના છુટકો નથી.

ટીવી સિનેમાનો પડદો અથવા ઈન્ટરનેટની વેબસાઈટ ઉપર અશ્લીલ દશ્યો નિહાળતા બધા પુરુષોની કામવાસના ભડકી ઉઠે છે, પણ તેઓ બધા સ્ત્રીઓ સાથે દુષ્કર્મ આચરવા તૈયાર નથી થઈ જતા. જે પરણિત પુરુષો હોય છે તેઓ પોતાની પત્ની સાથે સબંધ બાંધીને આ વાસના સંતોષે છે. કેટલાક કુંવારા અથવા પત્નીથી અસંતુષ્ટ યુવાનો સેક્સ વર્કર પાસે પહોચી જાય છે.પરંતુ જે પુરુષો પર પ્રાંતથી આવીને પોતાના પરિવારથી વિખુટા રહેતા હોય છે તેઓ સ્ત્રીઓ ઉપરના અત્યાચારો માટે સૌથી વધુ જવાબદાર હોય છે. આ શહેરીકરણન અભિશાપ છે ઘણી વખત દુષ્કર્મ માટે અનુકુળ સંયોગો સામાન્ય પુરુષને ઉત્તેજિત કરીને તેમની પાસે ન કરાવવાનું કરાવી બેસે છે.

સ્ત્રીઓ ઉપરના અત્યાચારો વધી રહ્યા છે તેના માટે ગ્લમસના ક્ષેત્રમાં પડેલી મુઠ્ઠીભર સ્ત્રીઓ જવાબદાર છે.આ સ્ત્રીઓ આપણને અર્ધ નગ્ન વસ્ત્રો પહેરીને રેમ્પ ઉપર કેટવોક કરતી અથવા આઈટમ સોન્ગમાં ડાન્સ કરતી નજરે પડે છે.મિસ ઈન્ડીયા અને મિસ વર્લ્ડ જેવી સૌદર્ય સ્પર્ધાઓમાં ભાગ લેતી બીકીની પહેરેલી યુવતીઓને જોઈને પુરુષોની અંદર ગુંચળું વાળીને પડેલો ઝેરી સાપ જાગ્રત થઈ જાય છે.હલકટ જવાની અને શીલાકી જવાની જેવા સેક્સી ગીતો જોઈને કરોડો પુરુષોની અંદર રહેલો હેવાન જાગૃત થાય છે.આ બધા પુરુષોને દુષ્કર્મ કરવાની તક મળતી નથી. અથવા તેમની અંદર એટલી હિંમત નથી હોતી જેમને તક મળે છે તેઓ કોઈ અબળા સાથે મોઢું કાળું કરે છે.સિનેમાના પડદા ઉપર આવા ગીતો ગાઈને કરોડો રુપીયા કમાતી અભિનેત્રીઓ નારી જાતિના દુશ્મનોની ભુમિકા ભજવી રહી છે.દિલ્હીમાં આંદોલન કરી રહેલ યુવતીઓએ આ સ્ત્રીઓ સામે આંદોલન કરવું જોઈએ. નારીવાદી સંસ્થાઓએ જો મોરચા કાઢવા જ હોય તો સ્ત્રીના શરીરને ભોગસુખના સાધન તરીકે પ્રસાર માધ્યમોમાં રજુ કરતી મોડલો અને અભિનેત્રીઓના ઘરે કાઢવા જોઈએ. આ સ્ત્રીઓ પણ નારીજાતી ઉપરના અત્યાચારો માટે જવાબદાર છે.

લેખકઃ સંજય વોરા
(સૌ.દિ.ભા)


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# મુસલમાનો માટે નફરત કેમ ?

(આપણા દેશમાં અનેક પ્રકારની વિવિધતા હોવાને કારણે કેટલાક ફાયદાઓ છે પણ તેની સાથે કેટલાંક ગેરફાયદાઓ પણ છે.આપણે અન્ય કોમના તથા અન્ય ધર્મના લોકોને અમુક રીતે ઓળખીએ છીએ ને તેમને એ રીતે બીજાઓ સમક્ષ એ રીતે ઓળખાવીએ પણ છીએ. એમને માટે આપણે જાણે એક લેબલ બનાવી રાખ્યું છે ને એનો વ્યાપક ઉપયોગ કરીએ છીએ.નીચેના લેખમાં એ બાબત સ્પષ્ટ દેખાઈ આવે છે. આ પ્રકારના લેબલનો વિરોધ કરવો જોઈએ. આ લેખમાં ખ્રિસ્તીઓ વિષે જે મંતવ્યો લેખકે દર્શાવ્યા છે તે વિષે તમારા પ્રતિભાવો અવશ્ય રજુ કરવા જોઈએ. નવક્રાંતિના વાચકો પાસેથી એવી અપેક્ષા રાખીએ છીએ. - ફાધર વિલિયમ)

ભારતની અને તેમાંય ગુજરાતની હિંદુ પ્રજામાં મુસલમાનો માટે નફરતનો ભાવ સામાન્ય રીતે છે.મુસલમાન એટલે કટ્ટર,અનુદાર,ઝનુની, ખુનામરકી કરનાર, અન્યધર્મી પ્રત્યે અસહિષ્ણુ,ગુંડો,અસામાજિક ધંધા કરનારો ને એવા કામ કરનારને ઉત્તેજન આપનારો વગેરે વગેરે નકારાત્મક ભાવના સામાન્ય હિંદુ સેવે છે.

હકીકતમાં મુસલમાનોના ધર્મ ઈસ્લામનો અર્થ જ શાંતિ(અમન) એવો થાય છે.ઈસ્લામમાં વિધર્મીઓ પ્રત્યે નફરત, અસામાજિક કામો,દારુ,જુગાર,વ્યાજખોરી,ચોરી-છીનાળુને વર્જ્ય ગણવામાં આવ્યું છે.તેમનું ધર્મપુસ્તક કુર્રાન -એ- શરીફ અલ્લાહે પયગંબર હજરત મહમંદને સંભળાવેલા ઉપદેશનું પુસ્તક છે. તે મુળ અરબીમાં છે. આપણો સામાન્ય મુસલમાન અરબી જાણતો નથી તેથી તેને ધર્મનું શિક્ષણ આપનાર મુલ્લા જે શીખવાડે તે જ ધર્મ છે તેવું તે માને છે. વિડમ્બના એ છે કે મુલ્લાઓનું વાંચન વિશાળ નથી. તેઓ અરબી કુર્રાનની અમુક આયાતો વગર સમજ્યે ગોખી મારે છે અને દીની તાલીમમાં તે જ શીખવાડે છે. આથી સરેરાશ મુસલમાનને અલ્લાહની મુળ વાણીનો સંપર્ક ઓછો થાય છે. એવું જ હિંદુઓનું છે. તેમના ધર્મ પુસ્તક શ્રીમદ ભગવતગીતા સંસ્કૃતમાં છે. તેથી મહંત-મહારાજ-પુરોહિત સમજાવે તે જ હિંદુ ધર્મ છે તેવી સામાન્ય હિંદુની સમજ હોય છે હિંદુ ધર્મની મુળ વિભાવના સાથે તેને નાહ્યેસ્નાનનો સબંધ નથી.

આવું જ ખ્રિસ્તીઓ માટે માની શકાય. મુળ બાયબલ હિબ્રુ ભાષામાં છે.અમુક લોકો જ તે ભાષા શીખે છે અને પછી તેનો તેમની અક્કલ મુજબ અર્થ કરે છે. આ પાદરી વર્ગ તમામ ધર્મોની ઉદારતા, સહિષ્ણુતાની વાત ન કરતાં ધર્મના નામે ગરીબ લોકોમાં અજ્ઞાન અને વહેમ ફેલાવી વટાળ પ્રવૃત્તિ કરી પોતાના ધર્મના અનુયાયીઓ વધારવા પ્રયત્નશીલ રહે છે.

આમ મુલ્લા-મહંત-પાદરી જ ઈશ્વરના પોતે અધિકૃત પ્રવક્તા બની પોતાની સમજ મુજબનો ધર્મ પ્રચાર કરે છે. તેમા પુરી માનવજાત માટે પ્રેમ,સેવા, સહિષ્ણુતાની વાત ઓછી આવે છે. અને ભિન્નભિન્ન ધર્મોના ક્રિયાકાંડો ને ભ્રમણાનો જ વધુ પ્રચાર થાય છે.

ભારત સેક્યુલર દેશ છે. તેમાં દુનિયામાં પ્રવૃત્ત મોટા ભાગના ધર્મોના અવલમ્બીઓ રહે છે. આવી સ્થિતિમં ભારત દેશની પ્રજામાં રાષ્ટ્રીય-એકતા-સદભાવ,સંપ વધારવો હોય તો સાચા ધર્મની સૌને સમજ હોવી જોઈએ. પોતાના ધર્મની સાથે દેશમાં પળાતા અન્ય ધર્મોની પણ જાણકારી હોય એ જરુરી છે.

આ માટે તાજેતરમાં આવેલી ફિલ્મ ઓહ માય ગોડ જોવા જેવી છે. થોડી રજુઆત સાથે આ ફિલ્મ ઈશ્વરની મુળભુત વાતોનો પ્રચાર કરે છે. ને ભ્રમણા ફેલાવાત મુલ્લા-મહંત-પાદરીઓને બાજુએ ખસેડી મુળ ધર્મના પુસ્તકોનો બોધ રજુ કરે છે.

મુસલમાનોમાં પણ અનેક પંથો, ફિરકાઓ છે. ભારતના મુસલમાનો મુળે હિંદુ ધર્મીઓમાંથી વટલાયેલા છે. તેમાં વહોરા કોમ વેપારી છે. એકદંરે તે શાંતપ્રિય કોમ છે. એને કટ્ટરતા ગમતી નથી અન્ય મુસલમાનોમાં પણ સાચો ધર્મ સમજી તે મુજબ જીવવાનો પ્રયત્ન કરનારા, રાષ્ટ્રવાદી મુસ્લીમો પણ છે.

લેખક : જગદીશ શાહ ( સૌ.નિરિક્ષક ૧૬-૧૨-૨૦૧૨)

---

ઊપરોક્ત લેખ બાબતે આપના અભિપ્રાય આવકાર્ય છે. તંત્રી

---

ટ્રેન અકસ્માતમાં બેઉ પગ ગુમાવનાર બત્રીસ વર્ષના બ્રીટીશ નોર્મન કુચરે ૬૭૮૭ મીટર ઉંચા હુઆસકારાન નામના દક્ષિણ પેરુના પર્વત પર સફળ આરોહણ કરેલું છે.

આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીલ,સ્વાદહીન હોય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.